Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ · અંક : ૫૨ · તા. ૨૧ થી ૨૭ ડિસેમ્બર ૧૩ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## પરવશ કરી દેનારા અકસ્માત પછીય ચેતન દિનેશ લોડાયા સાંધવ - મુંબઈ એ પોતાનું નામ સાર્થક કરી બતાવ્યું.



થોડા સમય પહેલાંજ પ્રકાશ - સમીક્ષામાં જ્ઞાતિ આગેવાન દિનેશ લોડાયાના સુપુત્ર ચેનતભાઈ દ્વારા ટ્રાનસ્પોર્ટરો પોતાના ડ્રાયવરો અને ગાડીયો સાથે જીવંત સંપર્ક રાખી શકે તેવી વેબસાઈટ વિકસાવી હોવાના સમાચાર પ્રગટ થયા હતા. ટ્રાન્સપોર્ટને પોતાના મુખ્ય વ્યવસાયો માંથી એક તરીકે અપનાવનાર જ્ઞાતિ માટે એ ઘણી મહત્વની વાત ઘણાય. આનાથી ટ્રાન્સપોર્ટના ધંધામાંથી અનિશ્ચિતતા અને જોખમ દૂર થઈ જશે.

અલબત્ત ચેનતભાઈના સંબંધમાં એથીય વધુ ઉલ્લેખનીય વાત કરોડરજ્જુની કેટલીક નસો ડેમજ થઈ જવાને કારણે મગજ અને શરીરના નીચલા ભાગ વચ્ચે સંદેશ વ્યવહારનું કામ ઠપ્પ કરી નાખતી પૅરાપ્લૅજિયા નામની જીવનમાંથી ચેતન હણી લેતી તકલીફનું જે રીતે મેનેજમેન્ટ કર્યું છે, તેની છે. એક અર્થમાં ચેતનભાઈએ પોતાના નામમાંના ચેતનતત્વનો સાક્ષાત્કાર કરાવી નામ સાર્થક કરી બતાવ્યું છે.



ચેતનભાઈનો ૧૬મી જુન ૨૦૦૮માં વાશીની ઓફિસથી ક્લાયન્ટને કેટલાક ડોક્યુમેન્ટ આપવા જતી વખતે ગંભીર અકસ્માત નડ્યો. રસ્તામાં સ્ટ્રીટ લાઈટ નહોતી એટલે સાફ દેખાતું નહોતું પણ ખાડા જેવું લાગ્યું એટલે એમણે બાઈક સ્લોકરી પણ વચ્ચે પથરો આવ્યો એટલે બાઈક સ્કીડ થઈને તેમના શરીરના પાછલા ભાગ સાથે અથડાઈ તેઓ ત્યાંજ આડા પડ્યા. બાઈક ઉઠાવવાની કોશિશ કરી પણ વ્યર્થ. આવી સ્થિતીમાં ચેનતભાઈનું ચેતન જાગતું હતું. જેમ તેમ કરી ખીસ્સામાંથી મોબાઈલ કાઢી પત્ની અલ્પાને આખી સ્થિતિ સમજાવી, મુલુંડ - ગોરેગાવ લીંક રોડ પરની વોકર્ડ હોસ્પિટલ ખાતે તૈયાર રહેવા કહ્યું.

પોતે હિંમત કરી આસપાસ જતા - આવતા લોકોને મદદ કરવા પોકારતા રહ્યા. છેવટે અર્ધા કલાકે મદદ મળી રિક્શામાં વોકર્ડ પોહોચ્યાં.

પ્રાથિમિક સારવારના એક નિયમથી બેખબર હોવાથી ચેતનભાઈને સારી કિમંત ચૂકવવી પડી. પ્રાથમિક સારવારમાં ખાસ શીખવાય છે કે અકસ્માત પામેલાને લઈ જતી વખતે તેના અંગોને ખાસ કરીને પીઠને ટેકો આપવો જોઈએ. આ માટે જ એમ્બ્યુલન્સમાં કે સ્ટ્રેચેર પર લઈ જવાય છે.

એકંદર હાલત એવી હતીકે સ્થિતી સુધરે તે માટે નહીં પણ વધુ બગડે નહીં તે માટે ઓપરેશન કરાવવું પડ્યું.

૧૬ દિવસ હોસ્પિટલમાં સારવાર લીધી, ત્રણ મહિના મુંબઈમાં અને બે વર્ષ બિદડામાં ફિઝીઓથેરાપી અને બીજી સારવાર લીધા પછી પણ ચેતનભાઈ પોતાના પગપર ઊભા રહી શકતા નથી.

ક્લિપર્સ હોય તો પણ કોઈ સગાના ટેકાથી માંડ ચાર ડગલા ચાલી શકે. ઝાડો - પેશાબ પથારી પર જ કરવા પડે છે. ક્યાંય જવું હોય તો વ્હીલચેર પરજ જવાય છે.

તોય ચેતન ચેતન છે. આમ, સામાન્ય જીવન ભલે ન જીવી શકતા હોય મિત્રોની મદદથી ધંધામાં રિસેટ થઈ ગયા છે અને પોતાની જેવી હાલત જેમની થઈ હોય તેમના ચેતનને ચેતનવંતુ કરવા સાથી મંચ નામનું ફાઉંડેશન ચલાવે છે.

અનુસંધાન ૪ થે પાને

## અમારા કુટુંબનું ગૌરવ



**કુ. અનોખી નીલેશ લાલજી મોતા**

રાપરગઢવારી - મુલુંડ

• રીઝવી કોલેજ તરફથી ૧૪ ઓગસ્ટ ૨૦૧૩ના યોજાયેલી આંતર કોલેજ સ્પર્ધામાં નેચરલ કેલામીટીઝ (પંચ મહાભૂત)ના પ્રોજેક્ટ માટે પ્રથમ ઈનામ અને

• સોમૈયા કોલેજમાં ૧૦-૧૨ ડીસે. ૨૦૧૩ દરમ્યાન યોજાયેલા વિજ્ઞાન યજ્ઞ ૨૦૧૩ માં પાણીમાં ઉગતી વનસ્પતિ Water Hyacinth માંથી કાગળ બનાવવાના પ્રોજેક્ટ માટે અન્ડર ગ્રેજ્યુએટ કેટેગરીમાં પ્રથમ ઈનામ મેળવેલ છે.

ભવિષ્યમાં ઉત્તરોત્તર વધુ સિદ્ધિઓ પામે તેવા આશિર્વાદ સાથે.

પ્રેષક

લાલજી જેઠાભાઈ ખીંયશજ મોતા પરિવાર (રાયર-મુલુંડ)

રતિલાલ વર્ધમાન નાગડા પરિવાર (નલિયા - ઇન્દોર)

રીતા પ્રફુલ માણેકજી લોડાયા પરિવાર (સાંધવ-મુલુંડ)

ભારતી તારક હિરાચંદ નાગડા (પટેલ) પરિવાર (સાંધાણ - થાણા)

## શ્રદ્ધાંજલિ



જન્મ : તા. ૭-૧૦-૧૯૫૫

અરિહંત શરણ : તા. ૦૪-૧૧-૨૦૧૩

**શ્રીમતી વિજ્યા શાંતિલાલ દંડ**

**ડોંભિવલી - ભરૂડીયા**

ઘેઘૂર વડલાની છાયા જેવી તમારી મમતાની માયા...
અનુભવાતી રહેશે તમારા સ્નેહની સુવાસ સદાય...
પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એજઅભ્યર્થના...

✤ આપની સ્નેહ સ્મૃતિમાં ✤

**ગં. રાજબાઈ પદમશી શીવજી દંડ પરિવાર (મુલુંડ)**

માતા-પિતા : સ્વ. ગંગાબાઈ પોપટલાલ જેતસી મોતા સહ - પરિવાર (ગોરખડી)

પતિ : શ્રી શાંતિલાલ પદમશી દંડ (ભરૂડીયા - ડોંબીવલી)

પુત્રો-પુત્રવધુ : સચિન - અનસુયા તથા અમિત

પૌત્રો : મિહિર - આદિ

## જે ખરાબ કરે છે તે તેની સાથે જ રહે છે અને જે સારું કરે છે તે તેને પાછું મળે છે

એક દયાળુ સ્વભાવની સ્ત્રી હતી. એણે એવો નિયમ કરેલો કે રસોઈ બનાવતી વખતે પ્રથમ રોટલી તૈયાર કરીને એને બહારની શેરીમાં પડતી રસોડાની બારી પર મુકવી જેથી જરૂરિયાતવાળી વ્યક્તિ એ રોટલીનો ઉપયોગ કરી શકે.

એક વખત એક ભિખારીની નજર આ રોટલી પર પડી એટલે એ રોટલી લેવા માટે આવ્યો. રોટલી હાથમાં લઈને બોલ્યો, "જે ખરાબ કરે છે તે તેની સાથે જ રહે છે અને જે સારું કરે છે તે તેને પાછું મળે છે." પેલા બહેનને આ કંઈ સમજાયું નહીં.

બીજા દિવસે ભિખારી પાછો આવ્યો. પેલી સ્ત્રી રોટલી મુકે તેની રાહ જોઈને બેઠો... જેવી રોટલી મુકી કે ફટાક દઈને ઉઠાવી લીધી અને બોલ્યો, "જે ખરાબ કરે છે તે તેની સાથે જ રહે છે અને જે સારું કરે છે તે તેને પાછું મળે છે."



પેલી સ્ત્રી વિચારવા લાગી કે એણે મારો આભાર માનવો જોઈએ કે કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ, એને બદલે એ તો રોજ એક સરખો ઉપદેશ આપે છે.

હવે તો આ રોજનો ક્રમ બની ગયો... જેવી રોટલી બારી પર મુકાય કે ભિખારી એ ઉઠાવીને ચાલતી પકડે. પેલી સ્ત્રીને હવે ગુસ્સો આવ્યો. રોજ મારી રોટલી લઈ જાય છે પણ આભારના બે શબ્દો પણ બોલતો નથી.

એક દિવસ ગુસ્સામાં ને ગુસ્સામાં રોટલી પર ઝેર ચોપડીને બારી પાસે મુકવા ગઈ. ભિખારી ત્યાં રાહ જોઈને બેઠો જ હતો. રોટલી બારી પર મુકતા એ સ્ત્રીનો જીવ ન ચાલ્યો... એણે ઝેરવાળી રોટલીને ચુલામાં નાખીને સળગાવી દીધી અને બીજી રોટલી બનાવીને બહાર મુકી, જે લઈને ભિખારીએ ચાલતી પકડી.

થોડા સમય પછી કોઈએ એના ઘરનો દરવાજો ખખડાવ્યો... એણે દરવાજો ખોલ્યો તો એ ફાટી આંખે સામે ઊભેલી વ્યક્તિને જોઈ જ રહી... ઘણા સમય પહેલાં ઘર છોડીને જતો રહેલો એનો યુવાન દીકરો સામે ઊભો હતો... ભિખારી કરતાં પણ ખરાબ હાલત હતી... આખું શરીર ધ્રુજતું હતું... સ્ત્રી તો પોતાના દિકરાને ભેટીને રડી જ પડી.

છોકરાએ કહ્યું, "હું ઘણા દિવસનો ભુખ્યો હતો... માંડ માંડ આપણા ગામના પાદર સુધી પહોંચી શક્યો... વધુ ચાલવાની મારી કોઈ જ ક્ષમતા ન હતી. હું બેભાન જેવી અવસ્થામાં પડેલો હતો. ત્યારે ત્યાંથી એક ભિખારી પસાર થયો... એના હાથમાં એક રોટલી હતી. હું ટીકીટીકી ને એ રોટલી જોવા લાગ્યો. ભિખારીએ રોટલી મને આપી અને મને કહ્યું કે રોજ આ રોટલી હું ખાઉં છું પણ આજે મારા કરતા આ રોટલીની તને વધારે જરૂર છે, માટે તું ખાઈ જા."

પેલી સ્ત્રી ત્યાં જ ફસડાઈ પડી.... તેણે વિચાર્યું કે અરે! મારા પ્રભુ! આજે ગુસ્સામાં ને ગુસ્સામાં ઝેરવાળી રોટલી એ ભિખારીને આપી હોત તો?.... હવે મને સમજાય છે એ ભિખારી જે બોલતો હતો તે બિલકુલ સાચું હતું.

કોઈપણ કામ કરવામા આવે ત્યારે વહેલું કે મોડું એનું પરિણામ અવશ્ય મળે છે. સદભાવથી કરેલા કાર્યનું પરિણામ સુખદ હશે અને દુર્ભાવથી કરેલા કાર્યનું પરિણામ દુઃખદ હશે.

સંકલન : તિલકચંદ્ર લોડાયા - ચેન્નઈ

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 52/2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# વસ્તિપત્રક સમિતિએ હવે તો ભવિષ્યલક્ષી જ બનવું જોઈએ

સમય સમયની આવશ્યકતાઓ પ્રમાણે દરેક સમુદાયના સમાજજીવનમાં નવી વસ્તુઓ ઉમેરાતી જાય છે અને જુની નકામી થઈ ગયેલી વસ્તુઓ વિદાય લે છે એ સર્વ સામાન્ય નિયમના પ્રકાશમાં જોઈએ તો ક.દ.ઓ. જૈન જ્ઞાતિની વસ્તિપત્રક પ્રવૃત્તિમાં સમય સમય પર પરિવર્તન આવતા રહ્યા છે અને આવતા રહેવા જોઈએ.

અહીં એ વસ્તુપર પણ ભાર મૂકવો જોઈએ કે આવશ્યક પરિવર્તનોને સમયસર સમજવા અને સ્વિકારવામાં જ સૌ કોઈની ભલાઈ હોય છે.

ક.દ.ઓ. જ્ઞાતિમાં વસ્તિપત્રક પ્રવૃત્તિની પ્રારંભ અન્ય સમુદાયોથી વહેલો થયો તેમાં સ્ત્રીયોની સ્થિતી સુધારવા માટેની સમાજસેવકોની ધગશ કારણભૂત બની.

દ્વિતીય વસ્તિપત્રકના પ્રકાશન પાછળની પ્રેરણા એવી સમાજ સુધારણા ઉપરાંત વ્યવસ્થિત આયોજનની હતી.

તે પછી જ્ઞાતિજનોનો આપસી સહકાર ટકાવી રાખવા વસ્તિપત્રકની જરૂર જણાઈ કેમકે જ્ઞાતિ કપાસ - તેજાના અદિના વેપારને કારણે દેશ ભરમાં ફેલાયેલ હતી.

આ પછીના વસ્તિપત્રક પાછળની મુખ્ય પ્રેરણા જ્ઞાતિજનો આપસી મેળ જાળવી શકે અને સગપણ આદિ સામજિક કામ માટે તેમને સરળતા રહે તે રહ્યા.

હવે જે વસ્તિપત્રક પ્રગટ થવાનું છે તેમાં તથા તે પછી તેવી માહિતી સતત સુધારી - વધારી સમયાનુચિત રહેવાની છે. તેની પાછળની પ્રેરણા આપસી મેળ જાળવવા, સગપણ સમસ્યા હળવી કરવા તથા જ્ઞાતિના કામોનું યથાયોગ્ય આયોજન કરવાનો છે.

એ નોંધપાત્ર છે કે છેલ્લું વસ્તિપત્રક પ્રગટ થયું તે પહેલાં જે કોઈ આ ભારે જહેમત માંગી લેતું કામ કરે તેને જ્ઞાતિ ખૂબજ માન - સન્માન આપતી.

છેલ્લું વસ્તિપત્રક પ્રગટ થયું તે પહેલાં એ બાબત વિવાદ થયો અને સ્વતંત્ર વસ્તિપત્રક સમિતિ અસ્તિત્વમાં આવી. નવી સ્વતંત્ર વસ્તિપત્રક સમિતીની રચના વિવાદના પરિણામે થઈ હોવાથી સમયની જરૂરીયાત પ્રમાણે વિવિધ મહાજનના સામાજિક વગ ધરાવતા બધા આગેવાનો પછી તેમને વસ્તિપત્રકના કામમાં રસ હોય કે ન હોય, તેમને તેમાં સમજ પડતી હોય કે ન હોય તેમાં શામેલ કરવામાં આવ્યા.

અલબત્ત, આ વખતે પુસ્તકરૂપના વસ્તિપત્રક ઉપરાંત સી.ડી રૂપનું વસ્તિપત્રક તૈયાર થવાનું છે એટલુંજ નહીં ભવિષ્યમાં જ્ઞાતિને પુસ્તકરૂપનું વખત જતા કાળગ્રસ્ત થતું વસ્તિપત્રક પ્રગટ કરવાની જરૂર જ ન રહે અને જ્ઞાતિજનોને તેમને જ્યારે

અનુસંધાન ૫મા પાને

**શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમના આયોજનમાં જ્ઞાતિના વિવિધ એકમો તેમજ શ્રી ક.દ.ઓ મહાજન - મુંબઈ દ્વારા કચ્છમાં ભુજ પાસે લાખોંદમાં તા. ૨૫-૧૨-૧૩ યોજાઈ રહેલ યુવા ઉમંગ ૨૦૧૩ને ઝળહળતી સફળતા મળે તથા તેમા સહભાગી યુવાનોને તેમાંથી સર્વાંગી વ્યક્તિત્વ વિકાસની પ્રેરણા મળે તથા તેઓ જ્ઞાતિની આગવી શક્તિ બને તેવી શુભકામના - પ્રકાશ સમીક્ષા સમિતિ**

### ચેતનભાઈએ નામ સાર્થક કર્યું

(કવર પર થી ચાલુ)

ખાસ કરીને તેમના જેવા અપંગતાથીય વધુ ગંભીર રીતે મુશ્કેલામાં મુકાયેલાઓ પોતાને ઘેરજ બેસી કમ્યુટર દ્વારા આવક કરી શકે એવી તેમની ઈચ્છા છે.

ચેતનભાઈ આવા ગંભીર અકસ્માત પછીય જીવનનો ફરી ચેતનવંતુ કરી શકયા તેમાં સહધર્મચારીણી અલ્પાની ધર્મ આસ્થા અનો કર્તવ્યનિષ્ઠાનું મોટું યોગદાન છે દીકરી દર્શના અને દિકરો ગૌરવએ પિતાએ જે રીતે જીવનને નવે સરથી ચેતનવંતુ કર્યું તેના સાક્ષી બનીને જીવનને ચેતનમય રાખવાના પાઠ અનાયાસે શીખી લીધાછે. મિત્રો વીરલ છેડા, ભાવેશ દંડ, જિજ્ઞેશ વોરા અને કેતન ભાટિયા તેમને કોઈ વાતે ઓછું ન આવે તેનો ખાસ ખ્યાલ રાખે છે.

પિતા દિનેશભાઈ જ્ઞાતિના અગ્રણી છે તો માતા કલાબેન આદર્શ ગૃહીણી. તેઓ ઈચ્છે છે કે કોઈને ય આવા અકસ્માતથી ચેતનનો અભાવ ન વર્તાય અને કર્મયોગે એવું થાયતો પણ ચેતનનું દષ્ટાંત તેમને ચેતનમય થવામાં સહાયરૂપ થાય.

**અભિનંદન અભિનંદન અભિનંદન**



**શ્રી કલ્પેશ માણેકજી મોતા**

ગામ રાપરગઢ - કચ્છ - હાલ - ઘાટકોપર

**અચલગચ્છના માનદ મંત્રી તરીકે નિયુક્ત થયા બદલ અમે અમારા અંતરના આશિર્વાદ આપીએ છીએ. આગળ પણ ઊચ્ચ શિખરો સર કરતા રહો એવી અમારા સર્વ પરિવારની હાર્દિક શુભેચ્છા**

**✻ શુભેચ્છક ✻**

**લાલજી જેતશી છેડા પરિવાર**

કચ્છ - સુજાપર (હાલ - ડોંબીવલી)




।।શ્રી ગોડિયાજી પાર્શ્વનાથાય નમઃ।।

## સસ્નેહ આમંત્રણ

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ રાપરગઢવારી - નાની સિંધોડી સંઘ** આયોજીત

## *પંચમ સ્નેહમિલન*

ભારતભરમાં વસ્તા ગામવાસિયો ત્થા નિયાણી બહેનોને પાંચમાં સ્નેહમિલનમાં આમંત્રિત કરીએ છીએ.

***સ્નેહમિલન રવિવાર તા : ૨૯-૧૨-૨૦13 રોજ સવારના ૯.30 થી રાતના ૮.૦૦*** વાગ્યા સુધી સ્થળ : ***શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ***, અનંત સિદ્ધી, એલ. બી. એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૭૮ ખાતે આયોજીત કરેલ છે. જેમાં શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી ભગવાનનું પૂજન, ગામવાસીયો દ્વારા સાદર સાંસ્કૃતિક કાર્યક્રમ, વિદ્યાર્થીઓને સરસ્વતી સમ્માન તથા સંઘ દ્વારા આયાજીત આગામી દવજા મહોત્સવ ના ચડાવા આદિ કાર્યક્રમ શામેલ છે.

સંપૂર્ણ કાર્યક્રમ નું સંચાલન : અ. સૌ. ચેતના હરિયા અને સાથી કલાકારો

સંપૂર્ણ કાર્યક્રમના દાતાશ્રી :

***માતુશ્રી ભચીબાઈ હરશી નાગશી લોડાયા -હસ્તે અ. સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર***

**નિમંત્રક**

**શ્રી ક. દ. ઓ. રાપરગઢવારી - નાની સિંધોડી જૈન મિત્ર મંડળ**

## વસ્તિપત્રક સમિતિએ હવે તો ભવિષ્યલક્ષી જ બનવું જોઈએ

૩જા પાનાથી ચાલુ

જરૂર પડે ત્યારે એકદમ તાજી માહિતી આપી શકાય તેવી વ્યવસ્થા કરવાની છે.

આ બન્ને સ્વરૂપોની આવશ્યકતાઓ અલગ છે અને તેને અંગેની આગેવાનોની સમજ અલગ હોવાથી વસ્તિપત્રક સમિતિના કામોમાં અડચણ થઈ છતાં છેલ્લા એક વર્ષથી પુસ્તકરૂપ પ્રગટ કરી શકાય તેટલી માહિતી એકઠી થઈ તેનું સંકલન પણ થઈ ચૂક્યું છે. તેની પ્રાથમિક ચકાસણી પણ થઈ ગઈ છે. માત્ર જ્ઞાતિજનો પોતાની રીતે તેવી ચકારસણી કરી લે તે માટે મુદતો પડતી રહી છે.

પણ હવે જ્યારે એવું લાગે છે કે ઘણા જ્ઞાતિજનો કમ્પ્યુટરથી અજાણ હોય, વધુ વખત આપવાથી પણ સ્થિતિ સુધરવાની નથી એટલે ફાઈનલ તારીખ આપવામાં આવી છે.

આશા રાખીએ કે ફાઈનલ તારીખ ફાઈનલ રહે.

આ તબક્કે બે ત્રણ વખત વિચારણા જરૂરી બને છે. પ્રથમ તો એ કે વારંવાર મુદતો પડતી ગઈ તેથી વસતિપત્રક માટે પટી જાહેરાત કે જહેરાત આપનારાઓનો ઉત્સાહ આ વખતે મોળો પડી ગયેલો લાગે છે. એટલે વસ્તિપત્રકને અર્થિક ઢાંચો કેમ બેસાડવોએ અંગે હજુ અનિશ્ચિતતા છે.

એ ખેદપૂવર્ક નોંધવું પડે છે કે મુંબઈ મહાજનશ્રી પાસે અત્યારે મોટા ફંડો ઉપલબ્ધ છે. તેના અધિકારીઓ વસ્તિપત્રક સમિતિના સંચાલકો પર પોતાના વ્યક્તિગત નિર્ણયો લાદવા દબાણ કરી રહ્યા છે, એટલે જે પ્રાયવેટ કંપની સાથે સોફ્ટવેઅરની સેવાઓ અંગે રૂપિયા વિસેક લાખની કોન્ટ્રેક્ટ ફી ચુકવા વસ્તિપત્રક સમિતિએ કરાર કર્યો છે તે રકમની મુંબઈ મહાજને આપવાનું કબુલ્યું છે. તેમાંથી અત્યાર સુધી ૧૪ - ૧૫ લાખની રકમ જ મુંબઈ મહાજને આપી છે. બાકીની રકમની ચુકવણી માટે મુંબઈ મહાજનના અધિકારીઓ વસ્તિપત્રક સમિતિના સંચાલકો સાથે ગેર સન્માનજનક વલણ અપનાવી રહ્યા છે.

સમજદાર જ્ઞાતિજનોએ નોધ્યું છે કે વસ્તિપત્રક સમિતિ સ્વતંત્ર છે તેમ છતાં તેનું અસ્તિત્વ કે તેણે કરવા યોગ્ય કાર્યવાહી જાણે મુંબઈ મહાજનના અધિકારીઓના દોરીસંચાર પરજ નિર્ભર છે, તેવો ઘાટ ઘડાયો છે.

વસ્તિપત્રક સમિતિ જેવી સમસ્ત જ્ઞાતિના વિવિધ મહાજનોનું પ્રતિનિધિત્વ કરતા સભ્યોની બનેલી સંસ્થા આ રીતે કોઈ એક મહાજન કે અમુક વ્યક્તિઓની મહેરબાની કેમ નિર્ભર રહી શકે?

આ બધી વસ્તુઓનો વિચાર કરતા પુસ્તકરૂપે પ્રગટથનાર વસ્તિપત્રકનો ખર્ચો શક્ય તેટલો મર્યાદિત રહે તેવા પ્રયત્નો થવા જોઈએ.

સામાન્ય છાપ એવી છે કે જ્ઞાતિ દરેક જ્ઞાતિજનને ત્યાં વસ્તિપત્રક પહોંચાડે છે. પણ ૫૦ ટક્કા લોકો થોડો સમય રાખી માળીએ ચઢાવે છે કે પસ્તીમાં મોકલી દે છે. તે માટે જે લોકો પોતે તેનો યથાયોગ્ય ઉપયોગ કરવાના છે એમ જાણાવે તેમને જ વસ્તિપત્રક પુસ્તકરૂપે અપાવવું જોઈએ. દરેક ઘરમાં કોપી પહોંચાડવા થતા લાખો રૂપિયાના ખર્ચમાં કાપ મૂકી, માત્ર આવશ્યક ખર્ચા થવો જોઈએ.

બીજું, જેવું પુસ્તકરૂપનું વસ્તિપત્રક પ્રગટ થાય અત્યારની મોટા ભાગના સભ્યો કમ્પ્યુટર અંગેની પ્રાથમિક પણ ન ધરાવતા હોય માત્ર વસ્તિપત્રક પ્રવૃતિને એક જમાના જરૂર હતી ત્યારે તેમના સમાજિક પ્રભાવનો લાભ લેવા માટેજ સમિતિમાં સ્થાન અપાયું હોય તેવાની સેવા બિનજરૂરી બની જશે.

તે પછીની અગ્રતા એ હશે કે દરેક મહાજનવતી ૩૦-૪૦ વર્ષની વયના કમ્પ્યુટરથી પરિચતિ આગેવાન આ પ્રવૃત્તિમાં જોડાય અને શ્રી કરીટ મુનવર જેવા કમ્પ્યુટર નિષ્ણાત પાસેથી આ માહિતીનો સદઉપયોગ જ થાય, કોઈપણ તેનો દુરૂપયોગ ન કરી જાય તેવી તાલીમ લઈ લાંબો સમય સુધી એ પ્રવૃત્તિમાં પ્રવૃત રહે.

અલબત્ત, અત્યારે વસ્તિપત્રક માટે સેવા આપનારા જ્ઞાતિજનો અને અધિકારોઓની સેવાઓ તેમની નિષ્ઠા વિશે કોઈ ઓછું મુલ્યાંકન કરવાનો હેતુ નથી. હકીકત એ છે કે વસ્તિપત્રક પ્રવૃત્તિના ભવિષ્ય આયોજન માટે આની જરૂરી છે અને તેની સર્વગ્રાહી વિચારણા કરવી એ વાસ્તવદર્શી અભિગમ અપનાવ્યા વિના અન્ય કોઈ વિકલ્પ નથી તે વાત ન ભૂલાવી જોઈએ.

આશા રાખીએ કે વસ્તિપત્રક સમિતિ વહેલામાં વહેલી તકે વસ્તિપત્રકને અંતિમ સ્વરૂપ આપી પ્રગટ કરશે એટલું જ નહીં વિશે પણ સમયચિત થવા અંગે સમયસર વિચારણા શરૂ કરશે.

**- ચંદ્રસેન મોમાયા**

## હાર્દિક શ્રદ્ધાંજલિ



જન્મ :
તા.૧૪-૦૧-૧૯૪૦

દેહવિલય :
તા.૧૨-૧૨-૨૦૧૩
(હુબલી)

## સ્વ. લક્ષ્મીચંદભાઈ જે. શાહ

આપનો પુરુષાર્થ અને પ્રામાણિક વ્યવહાર સહુ માટે આદર્શરૂપ છે. કાર્ય પ્રત્યેની આપની નિષ્ઠા અનન્ય હતી. નિરભિમાની, નિખાલસ અને પ્રેમાળ સ્વભાવને કારણે આપ સહુનો પ્રેમ અને આદર પામ્યા હતા. મન હજી માનતું નથી કે, આપ અમારી પાસે નથી. આપ સમાજસેવામાં પણ ખૂબ સક્રિય રહ્યા અને તેમાં પણ મહત્વનું યોગદાન આપ્યું. આપ સાથે વિતાવેલી પળો સદા યાદ રહેશે. અમે એક સંનિષ્ઠ અને પ્રેમાળ વડીલ ગુમાવ્યાની લાગણી અનુભવીએ છીએ. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના છે.

---

## દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

Estd.1978

44B, "Kutchi Bhavan" 1st Main Road • J. P. Nagar • 3rd Phase, Opp. Mini Forest, Bangalore - 78
PHONE : 2658 - 6798 / 99 • MOBILE : 08722802426 • E-mail dbkdo.jainekkam@yahoo.in

President : Khushalchand D Shah    Secretary : Satish D Shah
Mob : 09844002300    Mob : 09845049000

---

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન :**
અલપઈ, બડગરા, બાગલકોટ, બેંગલોર, બેલગામ, બેલ્લારી, બીજાપુર, કલીકટ, ચેન્નઈ, કોઈમ્બતુર, કોચીન, દાવણગીરી, ગદગ, ગોવા, હાવેરી, હુબલી, હૈદ્રાબાદ, કોપલ, કુમટા, પોંડીચેરી, રાયચુર, સેલમ, શીરશી, તીરુપુર.

## માનવસેવામાં જ્ઞાતિને ગૌરવ અપાવતા સતીશ એચ નાગડા



AWARD PRESENTED TO MR. SATISH H. NAGDA FOR INDIVIDUAL HIGHEST BLOOD DONOR FROM TIRUPPUR DIST. (45 TIMES) BY TAMILNADU GOVERNOR HIS EXCELLENCY DR. K. ROSSAIAH AT RAJ BHAVAN, CHENNAI ON 01-OCT-2013

કચ્છ પરજાઉના વતની પુષ્પાવંતી અને હંસરાજ વેરશી નાગડાના પુત્ર સતીશ એચ. નાગડાએ માનવસેવામાં જ્ઞાતિના ગૌરવરૂપ સિદ્ધિ મેળવી છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની તામિલનાડુ શાખાએ દક્ષિણ ભારતના તિરપુરમાં રહેતા સતીશભાઈને વ્યક્તિગત રીતે તિરપુર જિલ્લાના સૌથી વધુ (૪૫ વખત) રક્તદાન કરનાર રક્તદાતા તરીકે સન્માનિત કર્યા છે. પહેલી ઓક્ટોબરે (રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિન) ૨૦૧૩ના દિવસે ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માન કર્યું હતું.

તામિલનાડુ રાજ્ય એઈડસ નિયંત્રણ સોસાયટીએ અગાઉ ૨૦૧૨ના એક વર્ષમાં જ ત્રણવાર રક્તદાન કરવા બદ્દલ પણ તેમનું સન્માન કર્યું હતું.

હાલમાં તેઓ તિરપુરમાં મયુરાચી મક્કલ અમાઈપ્પુના એક ટીમ લીડર છે. તેઓ દર મહિને તિરપુર અને આસપાસના વિસ્તારોમાં સરકારી હોસ્પિટલ માટે રક્તદાન શિબિર યોજે છે.

સંસ્થાએ છેલ્લા પાંચ વર્ષોમાં ૨૦,૦૦ બ્લડ યુનિટસ ડોનેશન પૂર્ણ કર્યુ તે માટે બાવીસમી ઓક્ટોબર તિરપુરના જિલ્લા કલેક્ટરના હસ્તે સતીશ નાગડાને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.

હાલમાં તેઓ તિરપુરના શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે સેવા આપે છે. રક્તદાન કરવા ઈચ્છતી વ્યક્તિ કે રક્તની આવશ્યકતા ધરાવતા દર્દી તેમના સંપર્ક સાધી શકે છેઃ મોબાઈલ : ૦૯૪૮૬૧ ૧૨૪૯૦ ઈમેલ : raninagda@yahoo.co.in


**ARIHANT BANK**
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

**H. O. :** GB 10A & B, Karma Stambh, Opp. Kailash Com. Complex, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083.
Tel. : 2579 9326 • Fax : 2579 9323 • E: acbiho@arihantbank.com

**શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી. ના શેર ધારકો તથા ખાતેધારકો તથા ખાતેદારો માટે અગત્યની સુચના**

**રીઝર્વ બેંકના (R.B.I) વર્તમાન સુચના મુજબ બેંકના દરેક શેર ધારક તથા ખાતેદાર માટે (K.Y.C.) ની વિગત (દા.ત – પેનકાર્ડ – રહેઠાણના સરનામાની નકલ તથા પોતાનો ફોટો) બેંકમાં આપવી અત્યંત જરૂરી છે. જે ખાતેદારની અથવા શેર ધારકની K.Y.C. વિગત બેંકના રજીસ્ટરમાં ન હોય તેઓના ખાતાનો વ્યવહાર સ્થગિત કરી દેવામાં આવશે. આપ સર્વેને અનુમોદન કરવામાં આવે છે, આ કાર્યમાં આપનો સહકાર અગત્યનો રહેશે. આપ વહેલી તકે શ્રી અરિહંત કો. ઓપ. બેંકની નજીકની શાખાનો સંપર્ક કરીને ઉપર મુજબની પોતાની વિગતો સાદર કરી આપણી બેંકના કાર્યમાં સહકાર આપશોજી જુના ખાતેદારોને ખાસ વિનંતી – આપના સહકાર્યની ખાસ અપેક્ષા !**

**લિ.**

| શ્રી કુમારભાઈ બી. દંડ | શ્રી કલ્યાણજીભાઈ સી. છેડા | શ્રી અલોક ભટ્ટાચાર્ય |
|---|---|---|
| ચેઅરમેન | વાઈસ – ચેઅરમેન | સી.ઈ.ઓ |

**બેંકની શાખાઓ**

| ભાંડુપ | મુલુન્ડ | ચિંચબંદર | ઘાટકોપર | મોઈલી વિલેજ (અસલ્ફા) | ડોંબિવલી | વાશી | ઠાણે |
|---|---|---|---|---|---|---|---|
| 2595 4422 | 2564 7157 | 2347 8134 | 25015820 | 2502 3778 | 2445809 | 27849430 | 25437977 |

**આવનાર નવું વર્ષ ૨૦૧૪ આપ સર્વેને સુખકારી થાય એવી શુભકામના !!!**

# સ્ત્રીઓએ ઢસરડો ન કરવો પડે એ પૂરતું નથી એમના કામની કદર થવી જોઈએ

ભારતીય નારીએ છેલ્લા ચાર દાયકાઓમાં એવી આગેકુચ કરી છે કે બધા છાપા - મેગેજીનના તંત્રીઓએ એમનો કેન્દ્રમાં રાખીનો એમની સમસ્યાઓ અને પડકારો રજૂ કરતી કોલમો રાખવી પડે છે. તાજેતરમાં આવી કોલેમોમાં આવેલી વાત ખરેખર ધ્યાનમાં લેવા જેવી છે.

**વનિતા**



**વિશ્વ**

આવા એક લેખમાં સચોટ રજૂઆત કરવામાં આવી હતી કે ભારતીય સ્ત્રી પતિના સહયોગના અભાવ, સંતાનેની વધતી અપેક્ષાઓ, ઘર - કુટુંબ ઉપરાંત વ્યવસાયની જવાબદારીઓ તેમજ સ્ત્રીએ પરિવારના આધારસ્તંભ તરીકે સ્વેચ્છાએ વધુ જવાબાદારી લેવી જોઈએ એવું પોતે માનતી હોવાથી વિશ્વની સૌથી વધુ તાણ અનુભવતી સ્ત્રીઓના જૂથમાં મોખરે છે.

આમ તો કુદરતે સ્ત્રીને એવી બક્ષીશ આપી છે કે કપરા સંજોગોમાંય રડીને હળવી થઈ જાય પણ છેલ્લા કેટલાક દાયકાઓથી એનીય જીવનશૈલી એવી થઈ ગઈ છે કે તેને ૩૫-૪૦ ની થાય ન થાય કે બી.પી.ની ગોળી લેવી પડે છે.

આ વાત મોટા ભાગની ક.દ.ઓ. મહિલાએ માટે સાચી છે.

બીજી લેખમાં થએલી રજૂઆત વધુ રસપ્રદ અને વિચારપ્રેરક છે.

થયું એમ કે સ્ત્રીઓની જેમ ઘરકામ કરવા માટે એક રોબો - યંત્રમાનવ બનાવવામાં આવ્યો હતો. તે કોઈ ટેકનિકલ કારણથી ખોટવાયો... એ પરથી એક કોલ્મીસ્ટને વિચાર સૂજ્યો કે સામાન્ય રીતે સ્ત્રીઓ જે ઢસરડો કરે છે તે કરતાં જો રોબો


## હાર્દિક શુભેચ્છા – અભિનંદન



## શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા (મુંબઈ)

**જ્ઞાતિના એક ઉમદા અગ્રણીય આપ શ્રીની જ્ઞાતિને શોભે તેવા પદ ઉપર અચલગચ્છ જૈન સંઘના શણગાર રૂપ જ્ઞાતિ ગરિમાને મુઠ્ઠી ઉંચેરૂં બનાવવા ક્વીક નિર્ણયશક્તિ ધરાવતા આપ શ્રી જેવા મહાન મિત્રને મંત્રી પદે નિયુક્ત કરાતા જ્ઞાતિનું યુવાધન ઘણુંજ આશાવાદી બન્યું છે.**

**સ્વ. શેઠ શ્રી નારા ણજીભાઈ મોમાયા જેવીજ કેડી કંડારી વધુ ઉચ્ચ પદે નિયુક્તની ભાવના સાથે અંતરાના અભિનંદન સાથે શુભેચ્છા.**

શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ

- યંત્રમાનવે આત્મહત્યા કરી તો સ્ત્રીઓ એ કામ કેવી રીતે સંભાળતી હશે?

સદભાગ્યે, છેલ્લા ઘણા દાયકાઓથી કામવાળી હોવા કે વોશીંગ મશીન - વેક્યુમ ક્લીનર જેવા સાધનો આવવાથી ક.દ.ઓ મહિલાઓને ઢસરડો કરવો નથી પડતો પણ ટેન્શન રહે એટલું ઘરકામ તો તેને ફાળે આવેજ છે.

વર, વહુ - ઘરની દીકરી કામ કરતાં હોય એવા કુટુંબોની સંખ્યા પણ ખાસી વધી છે. એટલે ઘરના પુરુષો પણ ઘરકામમાં સહયોગ આપે એ આવશ્યક બન્યું છે.

એવું પણ નથી કે જ્ઞાતિના પુરુષો ઘરકામમાં સહયોગ આપતા નથી. પણ હજુ તેને ઘરની સ્ત્રીઓને કરાયલી મદદ તરીકે જ જોવાય છે, પુરુષોની સહજ ફરજ તરીકે નહી.

તેથી એવું થાય છે કે અમુક કુંટુંબોમાં આ કામ સમજદારીથી થાય છે, બાકીના ઘણા કુટુંબોમાં સ્ત્રીએ કમાઈ લાવતી હોય એ સાથે તે વાત જોડાય છે.

આ સાથે જ સંકળાયેલી બીજી બાબત હોય તો તે સ્ત્રીઓ દ્વારા થતા કોમોને ઉત્પાદક ગણવા કે નહીં? તેની છે. આજે આખી દુનિયામાં સૈધ્ધાંતિક રીતે સ્વીકાર થતો જાય છે કે સ્ત્રીઓ ઘરમાં જે ઘરકામ કરે છે તે એક ઉત્પાદક કામ છે કેમકે જો તેઓ તેમ ન કરે તો માત્ર તેમના ઘર પર જ નહીં આખા રાષ્ટ્ર અને તેના અર્થતંત્ર પર તેની વિપરિત અસર પડશે.

અલબત્ત હજીસુધી ગ્રહિણીએ કરેલા કામની મૂલવણી કેવી રીતે કરવી તેનો માપદંડ શોધી શકાયો નથી.

જોકે સ્ત્રીઓને તેનો અફસોસ નથી કેમકે તેમને એ કામ પોતાના સ્વજનોનું છે એ માટે કર્યું છે, તે ઉત્પાદન લેખાય તે માટે નહીં.

આખી વાતનો ક.દ.ઓ.ની સામાજિક સ્થિતિના સંદર્ભમાં સાર એ કે કે.ડી.ઓ પુરુષોએ કર્યું છે તેમ સ્ત્રીઓ પાસે ઢસરડો ઓછો કરાવવાથી પતી જતુંનથી, એમના કામને રચનાત્મક - હકારાત્મક કામ તરીકે માન્યતા મળવી જોઈએ.


# શ્રી BHALARA DADA ESTATE AGENCY

**ધાલેરા બંદર S.I.R. શ્રી J.M.P.C. બિલ્ટ લાઈનની જમીન પ્લોટો રહેઠાણનાં શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)ના ફોર્મ સાથે જ પ્લોટ બુકિંગ કરાવશો.**

**જેથી આપણા રોંકાણ સાથે વળતરની ખાત્રી અમો આપી શકીએ. અન્ય ફોર્મોની બુકિંગની અમારી જવાબદારી રહેશે નહીં.**

**જેની મુખ્ય જવાબદારી મુંબઈ ખાતેના અમારા પ્રતિનિધિશ્રી પ્રફુલભાઈ લોડાયા (કોઠારાવાલા) મલાડ સંભાળે છે. જેમના મો. નં. 9223346423 છે.**

**અમારી વેબ સાઈટ www.dadabhalara.in ના માધ્યમથી આ કેવું લાભકારી રોકાણ છે તે જાણો.**

**શ્રી ભલારા દાદા એસ્ટટેટ એજન્સી ગ્રુપ (પરિવાર વતી)**




## સંખ્યાવન NUMBER GAME

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા પહેલેથી આપી છે. આ રીતે સંખ્યા મૂકીને ચોકઠું પૂરું કરો. જે સંખ્યા મૂકો એ છેકતાં જશો તો ગોટાળો ઓછો થશે.

**બે આંકડાની સંખ્યા :** ૧૨, ૩૨, ૩૬, ૪૭, ૫૧, ૫૪, ૬૪, ૭૫, ૮૨, ૮૭, ૯૨

**ત્રણ આંકડાની સંખ્યા :** ૧૨૭, ૩૩૬, ૪૪૯, ૪૯૩, ૫૪૨, ૬૨૭, ૭૩૫, ૯૬૨

**ચાર આકડાની સંખ્યા :** ૧૨૮૪, ૨૧૭૭, ૨૩૮૬, ૩૩૧૨, ૪૨૮૩, ૪૩૮૫, ૪૫૧૭, ૫૧૪૩, ૫૭૮૯, ૮૧૧૪, ૯૫૨૬

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૩૪૮૯, ૧૯૨૮૫, ૨૯૭૫૪, ૬૨૪૭૮, ૭૩૬૫૪, ૮૩૧૭૯

**છ આંકડાની સંખ્યા :** ૩૬૪૩૧૯, ૪૩૫૨૮૩, ૫૬૮૯૩૧, ૬૧૮૯૪૮, ૮૫૭૨૩૧, ૪૯૨૬૫૧, ૯૨૬૪૮૩

IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :

**2 Digit Nos :** 12, 32, 36, 47, 51, 54, 64, 75, 82, 87, 92

**3 Digit Nos :** 127, 336, 449, 493, 542, 627, 735, 962

**4 Digit Nos :** 1284, 2177, 2386, 3312, 4283, 4385, 4517, 5143, 5789, 8114, 9526

**5 Digit Nos :** 13489, 19285, 29754, 62478, 73654, 83179

**6 Digit Nos :** 364319, 435283, 568931, 618948, 857231, 492651, 926483

---

શાંતિનાથાય નમો નમ

**સાંધવગામના વાછરાદાદાને નમતા ભાવિકોને પધારવા ભાવભર્યું આંમત્રણ**

વાછરાદાદાના ભૂવાશ્રીની ગંધી બદલવવાનું તેમજ પહેડી પ્રસાદ ચૈત્રવદ ૧૧ને ૨૫-૪-૨૦૧૪ના સવારના રાખવામાં આવેલ છે તો સર્વને પધારવા આમંત્રણ.

**લિ. શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

**વિપુલ પટેલ** - મુલુંડ **કિરણ દંડ** - ડોંબીવલી

---

શાંતિનાથાય નમો નમ

**સાંધવગામના લોડાયા પરિવારના સચ્ચામાતાજી, સખતમાતાજી, સતિમાતાજી ને નમતા ભાવિકોને ત્રિ-દિવસીય મહોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ**

તા. ૨૫-૦૪-૨૦૧૪ના સવારના વાછરાદાદાના ભુવાશ્રીની ગંધી બદલાવવાનું - તેમજ પહેડી પ્રસાદ,

તા. ૨૬-૪-૨૦૧૪ના સવારના - ૮ કલાકે નારાયણસરોવર માં લોડાયા પરિવારના પિતૃઓને તર્પણનો પ્રોગ્રામ સમુહમાં રાખેલ છે. રાત્રે સાંધવગામે પિતૃપાઠ,

તા. ૨૭-૦૪-૨૦૧૩ ચૈત્ર વદ - ૧૪ના સચ્ચામાતાજી, સખતમાતાજી, સતિમાતાજી તેમજ પુડસા દાદાના ભૂવાશ્રીનો ગંધી બદલાવવાની નું તેમજ સમુહમાં પેડી - પ્રસાદ, છેડા - છુડી તેમજ નામકરણ વિધિ રાખવામાં આવેલ છે.

જેમને પણ ત્રિ-દિવસીય મહોત્સવમાં આવવાની ઈચ્છા હોય તો આગળથી જાણ કરવા વિનંતી. સંપર્ક : શરદ લોડાયા - ડોંબીવલી મો. ૯૮૨૧૩૧૪૬૫૧, વિપુલ લોડાયા - ભાંડુપ મો. ૯૮૨૦૮૮૫૭૧૭

**લિ. સાંધવ ગામના લોડાયા પરિવારના ભાવિકો વતી**
**ભવાનજી રાઘવજી લોડાયા તથા ગોવિંદજી લાલજી પટેલના જય માતાજી**

## ઝુકી તો જવાય ને: એક લગ્ન આવું પણ જેમાં કન્યાને સાસરીયું મળવા પહેલાં સવાયું પિયર મળે સૌ. ખમા (પુનમ) મોમાયા - નાગપુર

તાજે તરમાં હૈદ્રાબાદમાં આપણી જ્ઞાતિના એક યુવકના સાથે છિંદવાડા (મધ્યપ્રદેશ)ની દિંગબર જૈન કન્યાના લગ્ન - સગપણ કરાવવાનો વ્યવસાય કરનારના માધ્યમથી ગોઠવાયેલા લગ્ન થયા.

આજે આપણી જ્ઞાતિમાં એક યુવકના લગ્ન માટે કેટલા પાપડ વણવા પડે છે!! ત્યકતા, વિધવા, છુટાછેડાવાળી, એક બાળકની માઁ એવી પણ કન્યાઓ (સ્ત્રીઓ) ને પણ મોટું શહેર અને સારો કમાવવાળો યુવક જ જોઈએ છે. મોટી ઉંમરની, ઓછું ભણેલી અને જાડી કન્યાઓ, ફકત રૂ. ૪૦૦૦ કમાવવાવાળી કન્યાઓ નીપણ પોતાની અલગ ડિમાંડ છે. સારા ઘરના યુવક, સુંદર, સારી નોકરી ધરવાનારે પણ કન્યા મળવી મુશ્કેલ છે.

આ જે લગ્ન થયા એ યુવકને પિતા નથી. માતા બ્યુટી પાર્લર ચલાવે છે. ખુબજ સરળ સ્વભાવી લોકો. સ્વમાનથી જીવન વીતાવે. લગ્નમાં કન્યાપક્ષથી ફકત કન્યા એકલી હતી. પિતા બીમાર હોવાથી આવી શક્યા નહી. માતા સાવકી હોવાથી આવી નહીં. કોઇ પણ સંબંધી આવ્યો નહીં.

છોકરાવાળાએ બધી વ્યવસ્થા કરી. કન્યાને છિંદવાડાથી લઈને આવ્યા. યુવકના માતાની બહેનપણી અને એના પતિએ કન્યાના માતા-પિતા બનીને કન્યાદાન કર્યું. આપણી જ્ઞાતિના એક યુવક ભાઈ બન્યા, એક દંપતિ મામા-મામી બન્યા, યુવકના કાકા-કાકીએ માતા-પિતાનો ફેરો આપ્યો. ખુબજ સુખદ ઘડી હતી. આનંદની ક્ષણો હતી. જે પણ આ લગ્નની હકીકત જાણતા હતા તે બધાની આંખોમાં અશ્રુની ધારા હતી. યુવકની માતાના તો આંસુ રોકાતા જ ન હતા. ખુબજ સારી રીતે લગ્ન થયા. યુવક પણ ખુબજ શાંત સ્વભાવનો કન્યાની આગળ પાછળ કોઈ જ નહીં, યુવકા પરિવારના લોકોએ જે રીતે બધા જ રોલ ભજવીને કન્યાને અપનાવી લગ્ન કરાવ્યા, જે મહાનતા દેખાડી, એમની એ સન્માનની ભાવના સામે જૂકી તો જવાય ને??

આ પરિવારને તથા તેમના સંબધીઓને અને આપણી જ્ઞાતિના જે લોકો જેઓ એક અલ્પ પરિસ્થિતી કન્યાના સ્વજન બનીને તેના નવ જીવનમા સ્નેહના સંબંધે જોડાયા એ સૌને અનેક સલામ.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709



Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**
- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

## ધર્મ પ્રકાશ : કર્મનું વિષચક્ર (ભાગ - ૩) ડો. રશ્મિભાઈ ઝવેરી

# કર્મના વિષચક્ર માંથી છૂટવા ભગવાન મહાવીરે બતાવેલ માર્ગ

ભગવાન મહાવીરે આત્માનો કર્મના વિષચક્રમાંથી છૂટવા માટે, આત્માના શુદ્ધિકરણ, ઉત્તરીકરણ માટે બે માર્ગો બતાવ્યા છે- સંવર અને નિર્જરા. સંવર એટલે નવા કર્મોના બંધને રોકવાની પ્રક્રિયા. આશ્રવ એટલે આત્માના કલુષિત ભાવો જેનાથી કર્મબંધ થાય. આ આશ્રવનો નિરોધ કરવો એનું નામ સંવર. આને માટેનું પગલું છે - સમ્યકદર્શનની - બોધિરત્નની પ્રાપ્તિ. જે વસ્તુ જેવી છે તેવી એના ખરા સ્વરૂપમાં જાણવી સમ્યકજ્ઞાન છે, એને બોધિ - સંબોધિ પણ કહેવામાં આવે છે. આ બોધિરત્ન પ્રાપ્ત કરવા માટે દર્શન મોહનીયકર્મનો ક્ષયોપશમ કરવાની જરૂર છે, કારણકે આ કર્મ આત્માને પોતાના સાચા સ્વરૂપનું ભાન નથી થવા દેતું.

આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા એટલે જે કારણોથી કર્મબંધ થાય છે એ પ્રક્રિયા એટલે જે કારણોથી કર્મબંધ થાય છે એ જ કારણોને વિપરીત દિશામાં ફેરવી નાખવાની પ્રક્રિયા. ભગવાને કહ્યું છે "જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા." એટલે કે જે આશ્રવ છે - કર્મબંધનું કારણ છે, તે જ પરિશ્રવ પણ છે. કર્મ રોકવાનું પણ એ જ કારણ બની શકે છે. કર્મબંધન માટે મુખ્ય કારણ છે મન-વચન-કાયાની પ્રવૃત્તિ, તો એણે તોડવા માટે પણ આ ત્રણ યોગની પ્રવૃતિનો જ ઉપાય બતાવવામાં આવ્યો છે. ફેર માત્ર એટલો છે કે હવે આ પ્રવૃત્તિઓનો એકમાત્ર સંદેશ હશે આત્માનું શુદ્ધિકરણ, કર્મબંધન રોકવું અને કૃત કર્મને તોડવા.

હવે આપણે શૂદ્ધિકરણની પ્રક્રિયાના ક્રમની ચર્ચા કરીએ. સૌ. પ્રથમ પગલું છે-સામાયિક. સામાયિકમાં સંકલ્પ કરવાનો છે કે "સાવજ્જં જોગં પચ્ચખામિ." સર્વ પ્રકારના સાવદ્ય યોગોનો હું ત્યાગ કરું છું. અર્થાત ચોક્કસ સમય (૪૮ મિનિટ) સુધી હું કોઈ પણ પ્રકારની પાપકારી પ્રવૃત્તિ નહીં કરું. મારાં મનથી, વચનથી અને કાયાથી પાપ કરીશ નહીં અને અન્ય કોઈ પાસે કરાવીશ નહીં. અકુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરી માત્ર કુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ જ કરીશ. આ ત્રણેય યોગની પ્રવૃત્તિ ઉદિત કર્મના એક પણ આદેશ મુજબ નહીં કરું. આ આત્માનો પુરુષાર્થ છે જે જૈન ધર્મનો પાયો છે.

પ્રત્યેક કાર્ય માટે પાંચ સમવાય, કારણો હોય છે-કાળ, સ્વભાવ, કર્મ (પ્રારબ્ધ અથવા નસીબ). પુરુષાર્થ અને નિયતિ. પ્રત્યેક કાર્ય એનો સમય આવે ત્યારે થાય છે. પદાર્થના સ્વભાવ પ્રમાણે થાય છે અને જીવનાં કર્મ-પ્રારબ્ધ અનુસાર અથવા તો ઈશ્વરની ઈચ્છા અનુસાર થાય છે. પણ જૈનદર્શન નિતાંત વ્યક્તિવાદી અને પુરુષાર્થવાદી દર્શન છે. એ દઢપણેમાને છે કે આત્મા પોતાના પુરુર્ષાથથી કર્મને - ભાગ્યને બદલી શકે છે. આત્મા પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. કર્મની દસ અવસ્થાઓમાં ત્રણ અવસ્થા છે-ઉદીરણા, સંક્રમણ અને નિયતિ. ઉદીરણા એટલે કર્મનો ફળ આપવાનો નિશ્ચિત સમય થાય એ પહેલાં એને ભોગવી લેવાં અર્થાત ઉદયમાં આવે તે પહેલાં એને ભોગવી લેવાં. સંક્રમણ એટલે કે સજાતીય પ્રકૃતિનું અંદર અંદર પરિવર્તન થવું, જેમ કે આત્મા ધ્યાન, મંત્ર, આદિ પ્રવૃત્તિ દ્વારા અશાતા વેદનીયનું શાતા વેદનીયમાં સંક્રમણ કરી શકે છે, પરંતુ "નિકાચિત" કર્મમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. આવાં કર્મ કરતી વખતે આત્માના પરિણામભાવો એટલા બધા તીવ્ર હોય છે કે અત્યંત ચીકણાં કર્મ બાંધે છે, જેને એણે ભોગવવાં જ પડે છે, પણ નિકાચિત સિવાયનાં દલિત કર્મોમાં આત્મા પોતાના "અકર્મવીર્ય"થી આત્માશક્તિથી - પુરુષાર્થથી ઉદીરણા અથવા સંક્રમણ કરી શકે છે. કર્મનું વિષચક્ર તોડવા માટે એક અન્ય પુરુષાર્થ પણ છે. એ છે - પાપકર્મ ઉદયમાં આવે ને અશુભ


શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

**UK KHIMJI & CO.**

**144, Vasant Market Yard, 4th Lane, Sangli**
**MH - 416 416 Tel.: 2670910 / 2322057**



શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
**(રંગપુર-કોઇમ્બતુર)**

ફળ આપે ત્યારે સમભાવથી - સમતાથી સહન કરવાનો. આમ કરવાથી જૂનાં કર્મ ખપી જશે, નવાં નહીં બંધાય. આમ આત્મા કર્મ કરતી વખતે સ્વતંત્ર હોય છે, પણ ભોગવતી વખતે સ્વતંત્ર અથવા પરતંત્ર બંને હોઈ શકે છે.

જૈન કર્મવાદમાં આયુષ્ય સિવાય બધી જ જાતનાં કર્મને ક્ષીણ કરવાના પુરુષાર્થનું વિવેચન છે, પણ આ પુરુષાર્થ સમ્યક દૃષ્ટિયુક્ત થવો જોઈએ. સમ્યકદૃષ્ટિ વગરનો અવળો પુરુષાર્થ પ્રત્યુત નુકસાન કરે છે. પુરુષાર્થ માટે છ વસ્તુ આવશ્યક છેઃ ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુધ્ધિઃ શક્તિ ; પરાક્રમઃ આ છ જ્યાં હોય ત્યાં દેવી સહાયતા મળી રહે છે.

ક્રમશઃ **જૈન પ્રકાશ**માંથી સાભાર

**આરોગ્ય - પ્રકાશ :**

## કચ્છીઓનો કાયમી ખોરાક બાજરાનો રોટલો લોક આરોગ્ય શાસ્ત્રની દૃષ્ટિએ શીયાળાનો ખાસ શક્તિ દાયી ખોરાક છે



બાજરો કચ્છીઓનો કાયમી ખોરાક છે. જોકે શિયાળાની ઋતુમાં તેનું આરોગ્યની દ્રષ્ટિએ પણ વિશેષ મહત્વ હોય છે. બાજરામાં તમામ વિટામિનો, ખનિજો અને પૌષ્ટિક એમિનો એસિડ છે. આયુર્વેદમાં તેને કાંતિ આપનાર બલવર્ધક ગણાય છે.

ઈમ્પોટન્સી - નપુસંકતા માટે મૈસુરની ઈન્ડો-અમેરિકન હોસ્પિટલના દરદીને બાજરાના રોટલા ખવડાવાતા. ઘણા લોકો બાજરાને ગરમ ગણે છે. કર્ણાટક અને આંધ્રના વૈદ્યો જેને બ્લીડીંગ પાઈલ્સ - દૂઝતા હરસ થતા તેને બાજરો ખવડાવે છે, શરત એટલી કે સાથે ગાયનુંધી ખવડાવવનું. લોસ એન્જલસની પેટના રોગોની અમુક હોસ્પિટલમાં જે દરદીને જમ્યા પછી ખાટા ઓડકાર આવે છે તેવા એસિડિટીવાળાને બાજરાના રોટલા ખવડાવે છે.


## જ્ઞાતિ બંધુઓ માટે રોકાણની આકર્ષક સુવર્ણ તક

**કચ્છના પાટનગર - ભુજમાં, ભુજથી ૧૨ કિલોમીટરનાં અંતરે (લાખોંદ ચોકડી પાસે) ભુજ- ભચાઉ હાઈવે ઉપર - સીટી સ્કવેર ટાઉનશીપમાં (જ્યાં તા. ૮-૧૨-૧૩નાં રોજે શ્રી શાંતિજિન જૈન જાગૃતી ગ્રુપ દ્વારા - ૨૧માં સમુહ લગ્ન યોજાયેલ હતા) ઓનરશીપનાં ફ્લેટ - ૧ બેડરૂમ હોલ, કીચનનાં રેડી પઝેશનનાં વહેલો તે પહેલોનાં ધોરણે ફક્ત - ૫૦ ફ્લેટ આપવાના છે. ફ્લેટની કિંમત આપ જે ચુકવશો તે પુરેપુરી રકમ આપને - ૭ વર્ષનાં અંતે પરત મળી જશે, અને ફ્લેટની પણ માલિકી આપની જ રહેશે.**

**સીટી સ્કવેર ટાઉનશીપમાં હાલે - ૧૫૦ બંગલોઝ, સ્કુલ (ગુજરાતી - ઈંગ્લીશ મીડીયમની) નર્સીંગ કોલેજ, હોસ્ટેલ, હોસ્પીટલ, સુપર માર્કેટ, ક્લબ હાઉસ, ગાર્ડન તેમજ દેરાસર ઉપાશ્રય સુખડીઘર, અતિથિગૃહ - ભોજનશાળા વગેરે બનેલ છે.**

**કચ્છમાં રોકાણ કરવા ઈચ્છતા કે કચ્છમાં સ્થાયી થવા ઈચ્છતા ભાઈઓએ સંપર્ક કરવો.**

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો) 07567207479 / 9930008339**
**વિપુલ લક્ષ્મીચંદ પોલડીયા (મુલુન્ડ) 9833060660 / 9869167172**

તમે બાજરો ખાઈ જજો. ઘઉંની વાનગી તમને ઢીલો મળ અને વાસ મારતો મળ પેદા કરે છે. બાજરાના રોટલાથી બંધાયેલો અને બહુધા વાસ વગરનો મળ આવે છે.

ખરેખર તો બાજરના રોટલાનો ઘી ચોપડવાની પણ જરર નથી. બાજરામાં કુદરતી ચરબી છે એટલે ઘી વગર ખાઈ શકાય છે. જો તમારે પ્રમાણભૂત રીતે બાજરાની ઘઉં કરતાં સરસાઈ જાણવી હોય તો ૧૦૦ ગ્રામ બાજરામાં સાડા ચાર ગ્રામ કુદરતી ચરબી રહેલી છે ત્યારે ઘઉંમાં માત્ર સવા ગ્રામ જેટલી જ ચરબી છે. ઘઉંમાં આને કારણે તેની ભાખરી, રોટલી કે થેપલાંના મોણમાં ખૂબ તેલ વાપરવું પડે છે પણ બાજરાના રોટલામાં નહીં. ઘઉં ખોટા લાડ કરે છે. બાજરો પેટને સૌથી વધૂ પ્રેમ કરે છે.

આજે ભારતમાં ૯૪.૩ લાખ હેક્ટરમાં બાજરાની ખેતી થાય છે તે ખેતી વધુ થાય એટલે કે બાજરાના ગુણો જાણી વધુ બાજરો ખવાય તો જમાનની પૌષ્ટિકતા જળવાશે અને વિલાયતી ખાતરથી જમીન નહીં બગડે. શોષક લોકો બીજાનો કસ કાઢે છે. બાજરો પોતાનો કસ કાઢી જમીણ પાસેથી કાંઈલેતો નથી. જમીનને ગરીબ કરતો નથી.

કેટલાક ડાયટિશ્યનો પણ લો-કેલરી અને પચવામાં હલકી બાજરીનો શિયાળામાં છૂટથી ઉપયોગ કરવાની સલાહ આપે છે. જોકે અહીં મુંબઈગરાઓ માટે એક ચેતાવણી છે. બાજરીની વાનગીઓ થોડીક માત્રમાં અથવા તો દસ-બાર દિવસે એકાદ વખત ખાવી ઠીક છે, પણ એનો ડેઈલી ખોરાકમાં ઉપયોગ યોગ્ય નથી. આજકાલ લોકો મલ્ટિગ્રેનના ક્રેઝમાં તેમ જ જૂનું એ તો સારું એમ માનીને આંતરે દિવસે બાજરીનો રોટલો કે ઢેબરાં બનાવીને ખાય તો એ ફાયદા કરતાં નુકસાન થવાની શક્યતાઓ વધુ છે.

આપણે એટલું યાદ રાખવું જરૂરી છે કે બાજરી એ સૌરાષ્ટ્ર અને ગુજરાતનો મુખ્ય ખોરાક છે, મુંબઈનો નહીં. અહીં સૌરાષ્ટ્ર જેટલી કડકડતી ઠંડી નથી પડતી એટલે શરીરને વધુ ઉષ્મા મળે કે પિત્ત વધે એવી ચીજો આપણે શિયાળામાં પણ પ્રમાણભાન સાથે ખાવી જોઈએ.

ઉષ્ણ ગુણ ધરાવતી બાજરી પિત્તવર્ધક છે. એ કફ ખોતરીને કાઢવાનો ગુણ ધરાવતી હોવાથી શિયાળામાં એના સેવનથી કફ થતો નથી અને થયો હોય તો છૂટો પડીને નીકળી જાય છે. એ પચવામાં હલકી હોવા છતાં બળવર્ધક છે. ગરમ તાસીરને કારણે ઠંડા પ્રદેશોમાં તેમ જ ઠંડી સીજનમાં એનું સેવન કરવાથી શરીરને ઉષ્મા મળે છે.

કડકડતી ઠંડી ન હોવા છતાં બાજરી ખાવામાં આવે તો એનાથી નુકસાન પણ થઈ શકે છે. મુંબઈમાં મેં જોયું છે કે દૂઝતા હરસની સમસ્યામાં બાજરી ન ખાવી જ હિતાવહ રહે. પિત્તની તકલીફ હોય અથવા ગેસ અને એસિડિટી રહેતાં હોય ત્યારે પણ બાજરી ઓછી ખાવી.

ડાયટિંગના નામે લોકો સૂકો અથવા તો માત્ર નામનું ઘી અડાડીને બાજરીનો રોટલો ખાય છે. એનાથી કદાચ ચરબી ઓછી થાય, પણ શરીરને ઓવરઓલ નુકસાન થાય, ફેટની ચિંતા હોય તો ગાયનું શુદ્ધ અને જૂનું ઘી વાપરવું. તમે જોયું હશે બાજરીનો પિત્તકારક ગુણ ગાયના ઘીથી સંતુલિત થાય છે.

શિયાળામાં આંતરે દિવસે નહીં પણ અઠવાડિયે - દસ દિવસે એકાદ વાર બાજરીનો રોટલો ભારોભાર ઘી અને એક વર્ષ જૂના કેમિકલ વિનાના ગોળ સાથે ચોળીને ખાવામાં આવે તો એ ઉત્તમ પોષક પુરવાર થાય. આ નિયમ મુંબઈગરાઓ માટે છે. ગુજરાત, સૌરાષ્ટ્ર કે હિલ-સ્ટેશન જેવી જગ્યાએ રહેતા હો કે ફરવા જતા હો તો અઠવાડીયે બે વખત આ કોમ્બિનેશન લઈ શકાય.

***(સંકલિત)***




## ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમની નવી કારોબારી

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમની તા. ૧.૧૨.૧૩ના રોજ પાલીતાણા મુકામે મળેલ જનરલ સભામાં પશ્ચિમ એકમની નવી કારોબારીની રચના આ પ્રમાણે થઈ છે.

**પ્રમુખ :** શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા, **ઉપ-પ્રમુખ :** શ્રી ગુલાબભાઈ ડી. દંડ, શ્રી તીલકચંદ જે. ખોના, શ્રી નિતીન જે. ધરમશી, શ્રીમતી બેલાબેન પારસ નાગડા. **સેક્રેટરી :** શ્રી મુકેશ માણેકજી લોડાયા. **ખજાનચી :** શ્રી હીરેન મહેન્દ્ર મોતા.

**કારોબારી સભ્યો :** શ્રી અજય ઉત્તમચંદ દંડ, શ્રી મનોજભાઈ બી. ખોના, શ્રીમતી કલ્પનાબેન આર. લોડાયા, શ્રી તેજકુમાર એસ. નાગડા, શ્રી કીરીટ ટોકરશી શીયાળ, શ્રી ચંદ્રકાન્ત હીરજી ખોના, શ્રી શાંતીલાલ કે. લોડાયા, શ્રી કેતન બી. લોડાયા, શ્રી ખીરેન્દ્ર એલ. લોડાયા, શ્રી કિશોર કાનજી ધુલ્લા, શ્રી ભાવેશ નવીનચંદ્ર ખોના, શ્રી હીરાલાલ વી. છેડા, શ્રી ચંદ્રેશ દિનેશ નાગડા, શ્રીમતી લતીકાબેન મુકેશ દંડ, શ્રીમતી પુર્વી સુનીલ છેડા, શ્રી ઉત્તમચંદ રાઘવજી નાગડા, શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા, શ્રી પ્રતાપ એન. દંડ, શ્રી નલીન કે. મોમાયા, શ્રી કમલેશ લક્ષ્મીચંદ લોડાયા, શ્રી વિમલભાઈ દંડ, શ્રી મેહુલ ચંપકલાલ ધરમશી, શ્રી ભાવિન માણેકજી ડાઘા, શ્રી નવિનભાઈ કુંવરજી ધરમશી. **કો-ઓપ્ટ સભ્ય :** શ્રી હરીશ પ્રવિણચન્દ્ર ધરમશી, શ્રી મનોજ કિશોર ધુલ્લા, શ્રીમતી મિનલ સમીર છેડા.


**તમારા જીવનના સર્વે શુભ પ્રસંગમાં સહભાગી થવા ઉત્સુક**

**રિશી ફુડસ ઍન્ડ સર્વિસ**

સદા સર્વાંગી સેવા કરીને ધન્યતા અનુભવશે

Rishi Foods

**We Cater all Types of Veg. Cuisine (Maxican - Italian - Burmese etc.)**

**Chintan Shah (Lodaya) :** 9619681919 Tel.: 022- 321 09097

Email : chintan_shah72@yahoo.com

**Office :** Sardar Pratap Singh Industrial Estate No. 3, Shop No. 7, Opp. Panalal Compound, L.B.S. Marg, Bhandup (West) Mumbai - 400 078


## ભાવનગર કચ્છ સમાજ દ્વારા કચ્છી કલા પ્રદર્શન

ભાવનગર કચ્છ સમાજ દ્વારા આગામી ડિસેમ્બર ૨૦૧૩માં તા. ૨૭-૨૮-૨૯ના રોજ એક ભવ્ય કચ્છી કલા પ્રદર્શન / સેલનું આયોજન કરવામાં આવેલ છે આ પ્રદર્શન સમાજનાં કાળીયાબીડ ખાતે આવેલ એન્કરવાલા સંકુલમાં કરવામાં આવશે.

સંસ્થા દ્વારા ભાવનગરના આંગણે આ ૨૦મું પ્રદર્શન યોજવામાં આવેલ છે જેનો મુળ હેતુ કચ્છી કારીગરોને પ્રોત્સાહન મળે તેમજ ભાવનગરની કદરદાન કલા પ્રેમી પ્રજાને કચ્છની વસ્તુઓ કચ્છના જ ભાવથી ઘરઆંગણે પ્રાપ્ત થાય તેવો છે.

## સાંધવ ગામે ચાર્તુમાસની પુર્ણાવતી

સાંધવ ગામે ચાર્તુમાસની પુર્ણાવતી ને પરિવર્તન પ.પૂ. તપસ્વી રત્ન કંચન સાગરજી મ.સા. શુભ નિશ્રામાં થઈ.

નવકાર મહામંત્ર લખનાર આઠ લોકોનું બહુમાન રાખવામાં આવેલ. ૨૦૦ આરધકોએ નવકાર મહામંત્ર લખેલ. તેમને એકનંબરથી દશ નંબર સુધી ઈનામ અને બીજાને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ.

ચાર્તુમાસના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ પરિવાર હસ્તે શામજીભાઈ મુલુંડવાળાએ


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

**સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...**

**૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786**

લાભ લીધેલ. ચાર્તુમાસ કરનાર આરધકોનું દાતા પરિવાર તરફથી બહુમાન કરવામાં આવેલ.

પૂજ્ય મ.સા.એ તા. ૧૯-૧૧-૨૦૧૩ના વિહાર કરેલ.

## પુ. ભલારાદાદા દેવાલય ઉજવાયો ધ્વજા મહોત્સવ

કચ્છ સુથરીના ભલારા દાદા દેવાલયે કારતક સુદ ૧૩ને શુક્રવારે ધ્વજા વિધિ ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી તથા પૂ. દાદાના ભૂવા શ્રી કિશોરભાઈ સાંયાના માર્ગદર્શનમાં યોજાઈ.

ધ્વજા મહોત્સવના ચડાવામાં પૂ. દાદાના તિલકનો ચડાવો, પૂ. દાદાને માળા પહેરાવવાનો ચડાવો, ગણેશજીને ધ્વજા ચડાવવાનો લ્હાવો, હનુમાનજીને ધ્વજા ચડાવવાનો લ્હાવો, પૂ. દાદાની ધ્વજા ચડાવવાનો લ્હાવો, પૂ. દાદાની આરતી ઉતારવાનો લ્હાવો શ્રી લાખબાઈ આણંદજી શીવજી પરિવારે કુટુંબ પરિવારના જુદા જુદા દાતાઓના નામો આપી લાભ લીધેલ હતું.

ધ્વજા મહોત્સવ બાદ ટ્રસ્ટ દ્વારા દાતા પરિવારના અભયચંદભાઈ જીવરાજ લોડાયા તથા લક્ષ્મીચંદભાઈ જીવરાજ લોડાયાનું શાલ- શ્રીફળ આપી અભિવાદન કરવામાં આવેલ. દાતા શ્રી જીવરાજ આણંદજી લોડાયાનું નામ આવતા વર્ષના દાતા નક્કી કરવામાં આવેલ. ચાલુ સાલના દાતા તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ. સાંજે પૂ. દાદાનો પાઠ દાતા પરિવાર તરફથી રાખવામાં આવેલ. જેમાં વિધી પૂ. દાદાના ભૂવા શ્રી કીશોરભાઈ સાંયાએ કરેલ.

સમગ્ર કાર્યક્રમને ચંદુભાઈ શાહ, લહેરચંદભાઈ છેડા, પદમશી લોડાયા, મુરજીભાઈ હોથી વગેરએ જહેમત ઉઠાવી સફળ બનાવેલ.


શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવની ખાસ મિટીંગ**

**સાંધવવાસીઓને જય જિનેન્દ્ર સાથે જાણાવવાનું કે કચ્છ સાંધવગામ મધ્યે તા. ૨-૨-૨૦૧૪ રવિવારના બપોરના ૨.૦૦ કલાકે. સાંધવગામની અગત્યના મુદાઓ ઉપર મિટીંગ રાખવામાં આવેલ છે તો સર્વ ગામ વાસીઓને હાજર રહેવા વિનંતી.**

**લિ: શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવના ટ્રસ્ટીઓ**


## ખંડવા

શ્રી જગતલ્લભ પાર્શ્વનાથ દેરાસરનો જીર્ણોદ્ધાર ત્રીવ ચાલી રહ્યો છે.

તા. ૨-૧૨થી વિવિધલક્ષ્મી હોલના નવનિર્માણનું કાર્ય પ્રારંભ થયું છે. હોલ માટે રૂા. ૧૧૦૦૦ની એક કૂપનની સ્કીમ ચાલી રહી છે.

જીર્ણોદ્ધાર પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણા - માર્ગદર્શનની ચાલી રહ્યો છે.

## સાંયરા ભોજનશાળા ફોટો યોજના

સાંયરા ભોજનશાળા ફોટો યોજના અનુસાર રૂ. ૫૦૦૦ આપનાર દાતાશ્રીનો ફોટો લગાડવામાં આવેછે હાલમાં માતુશ્રી પુરબાઈ શામજી વેલજી મોમાયા, માણેકજી શામજી વેલજી મોમાયા, રાયચંદભાઈ (મંગલકાકા) લાલજી મોમાયા, અને પુરબાઈ રાયચંદભાઈ (મંગલકાકા) લાલજી મોમાયા, આદિ દાતાઓએ યોજનાનો લાભ લીધો છે.


શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## હુબલી અને દક્ષિણ ભારત ક.દ.ઓ. એકમના સામાજિક કાર્યકર
## શ્રી લક્ષ્મીચંદભાઈ જીવરાજ શાહ (ખોના)



સન્નિષ્ઠ કાર્યકર્તા શ્રી એલ.જે.શાહ તા. ૧૨-૧૨-૧૩ના દેહાવસાન પામ્યા.

શ્રીયુતે અભ્યાસ પુર્ણ કર્યા બાદ સ્ટાન્ર્ડડ મિલમાં દેવાશ (MP) માં ૧૫ વર્ષ સુધી કામકર્યું. એ દરમ્યાન ૧૯૬૪માં લક્ષ્મીબાઈસાથે વિવાહ થયા.

૧૯૭૪માં હુબલી આવી એ. કે. ઈન્ડસ્ટ્રીઝમાં ફેકટરીના મેનેજરના બન્યા પદે. ૧૯૭૯માં જ્ઞાતિનું દ્વિતીય સમ્મેલન પણ હુબલીના આંગણે યોજાયું તેમાં ઘણી નોંધપાત્ર સેવા આપી એ. કે ઈન્ડસ્ટ્રીજમાંથી ૧૯૮૪માં છુટા પડી સ્વતંત્ર ધંધો કર્યો. ૧૯૮૯ શાહ એર સર્વિસના નામે સૌ પ્રથમ કુરીઅર સર્વિસ હુબલીમાં એમણે શુરુ કરી હતી. અને તે પણ આજે પણ ચાલુ છે.

તેઓ શ્રી ક.દ.ઓ. જૈન મહાજનમાં પાચ વર્ષ સુધી સહ વહીવટદાર તરીકે ૧૦ વર્ષ સુધી ફાઈનાન્સ મેમ્બરના પદે અને છેલ્લા ચાર વર્ષથી ટ્રસ્ટીપદે બિરાજમાન હતા.

દક્ષિણ ભારત શ્રી ક.દ.ઓ. જૈન એકમ બેંગલોરમાં પણ સહ વહીવટદારપદે છેલ્લા ૧૫ વર્ષથી સેવા આપી રહ્યા હતા.

હુબલીમાં સ્થાપિત સ્વ. વીરચંદ શિવજી ખોના (કાકુભા) ટ્રસ્ટની શુરૂઆત એમના અથાગ પ્રયત્નો થકી ઊદભવું હતું. અને આજે પણ ઊંચા ક્રમાકે અભ્યાસમાં ઊર્તીણ થનાર જ્ઞાતિના હુબલીના બાળકોને દર વર્ષે આ ટ્રસ્ટના માધ્યમે પર્યુષણ પ્રસંગે પુરસ્કારોથી નવાજવામાં આવે છે.

**અનુસંધાન ૧૮માં પાને**

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અખિલેશ ધનજી વિકમશી** | બી ૩૦, છઠ્ઠે માળે, વિપુલ કો.ઓ.હા.સો.લિ. ભક્તિ માર્ગ, મુલુંડ વે મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **સાવન ગૌતમભાઈ મોમાયા** | ૯/૧૬૧, સત્યમ બિલ્ડીંગ, ગારૂડીયા નગર, ઘાટકોપર પુર્વ મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **પદમશી ખીમજી દંડ** | ૧-૫-૧૦૪૦/૧, જૈન મંદિર પાછળ, ચૈતન્યપુરી, હૈદરાબાદ, આંધ્રપ્રદેશ - ૪૦૦ ૦૬૦. |
| **દિપ્તી સોમચંદ મોમાયા** | ડી/૨૦૩, સગુણ જ્યેતી અપાર્ટમેન્ટ, શ્યામલ ક્રોસ રોડ પાસે, સંજય ટાવર પાછળ, અમદાવાદ - ૩૮૦૦૧૫. |
| **કૈલાશ સોમચંદ મોમાયા** | સી/૧૦૨, આશાનગર ફેજ ૨, કો.ઓ.હૌ.સો. સાઈધામ પાછળ, પી.કે. ક્રોસ રોડ પાસે, મુલુન્ડ વેસ્ટ મુંબઈ - ૪૦૦૦૮૦. |
| **સુનિલ માણેકજી લોડાયા** | ૧૦૩, શિવમ પ્લાઝા -૨, પહેલે માળે, બેંક ઓફ બરોડા ઉપર, પટેલ કોલની, શેરી નંબર - ૨, જામ નગર - ૩૬૧૧૪૦ |
| **નવિનકુમાર ડી. લોડાયા** | રોબર્ટસન રોડ (ડાઊનસ્ટેર્સ), ચિન્મયા વિદ્યાલયા સામે, આર. એસ. પુરમ, કોઈમ્બતુર - ૬૪૧૦૦૨ |

**નવા/બદલાયેલા ફોન નંબર**

**પ્રતિભા હંસકુમાર લોડાયા** 09328964353 / 9408353865 **સાવન ગૌતમભાઈ મોમાયા** 09892982405

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

**લોકપાલ બીલ પાસ થવાથી અને નાગરિકોનું હક્ક પત્ર માન્ય થવાથી ભ્રષ્ટાચાર અંકુશમાં લેવા માટેની પુર્વ ભૂમિકા રચાઈ છે. હવે આપણી પર છેકે આપણે આ તકનો લાભ લઈને દેશને ભ્રષ્ટાચાર મુક્ત કરી પ્રગતિના પંથે લઈ જઈએ.**

**- ચીમન મોતા**

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI™
Continental
MADHUBAN - JHARKHAND

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૦૮.૧૩ | ભાંડુપ | માહી-દર્શના/ નિમેશ તારાચંદ મોતા | રાપરગઢવારી | પુત્રી |
| ૦૯.૦૯.૧૩ | ડોંબિવલી | ઋષભ-ચાર્મી (ચંદ્રિકા)/ સુશીલ મોમાયા | સાયરા | પુત્ર |
| ૦૪.૧૦.૧૩ | અમદાવાદ | પાર્શ્વ-બોસ્કી/ વિશાલ શાહ (મોતા) | સુથરી | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૧૨.૧૩ | હુબલી | નયન સુરેશ દામજી મોમાયા | વારાપધર | ૨૭ |
| | ઘાટકોપર | હેતલ મહેન્દ્ર રતિલાલ આણંદજી નાગડા | બાયઠ | ૨૬ |
| ૦૫.૧૧.૧૩ | ગદગ | મિત સતિષ પ્રવિણચંદ્ર લુઠીયા | નાની ખાવડી | ૨૪ |
| | મુલુંડ | શિખા પ્રદિપ પદમશી લાપશીયા | કોઠારા | ૨૪ |
| ૧૨.૧૧.૧૩ | વડોદરા | અંકિત લહેરચંદ કુવંરજી મૈશેરી | નાની સિંધોડી | ૨૪ |
| | વડાલા | તેજીની હિરાચંદ ખેતશી વેલજી મોતા | લાખણીયા | ૨૩ |

**આતંર જ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૧૧.૧૩ | ડોંબીવલી | રોબીન મહેન્દ્ર હીરજી લોડાયા | ગોરખડી | ૨૪ |
| | ઘાટકોપર | રીમા પરેશ ચિનુભાઈ શાહ | સુરેન્દ્ર નગર | ૨૪ |
| ૨૪૧૭.૧૧.૧૩ | ગદગ | ડો. પ્રતિક સોમચંદ ખોના | બારોઈ | ૨૭ |
| | રાયચુર | ડો. ભાવના રાજેશ ઉમરશી લાપસીયા | સાંયરા | ૨૪ |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૧૧.૧૩ | હુબલી | હર્ષ દિલીપ વેલજી કાનજી દંડ | મંજલ | ૨૭ |
| | વડોદરા | તિતિક્ષા હરેશ શામજી દેવજી લોડાયા | તેરા | ૨૬ |
| ૦૩.૧૨.૧૩ | ભદ્રેશ્વર | ગૌતમ તેજકુમાર શામજીભાઈ | - | - |
| | અંતરજાળ | પાયલ પંકજભાઈ ઠાકરશી | - | - |

**આતંર જ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૧૧.૧૩ | મુલુન્ડ | દર્શક ગીરીષ મનીલાલ નાગડા | નલીયા | ૨૬ |
| | ઘાટકોપર | કાજલ વિરેન ધીરજલાલ પારેખ | બગસરા | ૨૩ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૨.૧૩ | ગોવા/દેવલાલી | હરીષ વિસનજી હેમરાજ લોડાયા | કોઠારા | ૬૮ |
| ૧૧.૧૨.૧૩ | કાંદિવલી | રંજનબેન પ્રવિણ કુંવરજી લોડાયા | મોટી ખાવડી | ૫૭ |
| ૧૨.૧૨.૧૩ | હુબલી | લક્ષ્મીચંદ જીવરાજ મણશી ખોના | સાંધવ | ૭૩ |
| ૧૩.૧૨.૧૩ | અમદાવાદ | સુશિલાબાઈ વેલજી શામજી સોની | જખૌ | ૮૧ |
| ૧૫.૧૨.૧૩ | ઠાણા | સોમચંદ ભવાનજી માડણ ધરમશી | જસાપર | ૭૨ |
| ૧૫.૧૨.૧૩ | પુણા | મોતીચંદ (મયુર) શામજી લાલજી લાપસીયા | સુથરી | ૫૭ |
| ૧૬.૧૨.૧૩ | મલકાપુર | વિજય લક્ષ્મીચંદ દેવશી નાગડા | નલીયા | ૬૨ |
| ૧૬.૧૨.૧૩ | ડોંબીવલી | મંજુળાબેન રતિલાલ રૂપશી શિયાળ | દલતુંગી | ૬૭ |
| ૧૮.૧૨.૧૩ | હૈદરાબાદ | રાજેશ લક્ષ્મીચંદ આણંદજી મોતા | વારાપધર | ૪૬ |
| ૧૯.૧૨.૧૩ | અંધેરી | પ્રેમીલાબાઈ રાયચંદ જેઠાભાઈ લોડાયા | સુથરી | ૮૨ |

## શ્રી લક્ષ્મીચંદભાઈ જીવરાજ શાહ (ખોના)
**૧૮માં પાનાથી ચાલું**

સિવાય શ્રી શાંતિનાથ ભગવાનનું પારોલાતીર્થ, શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ, મલકાપુર, શાંતિજિન જૈન જાગૃતી ગ્રુપ (સમુહલગ્ન) કમિટી- મુંબઈ, સાથે પણ તેઓ સક્રિય કાર્યકર રહી પોતાની સેવા અને યોગદાન અર્પણ કર્યા હતા.

પોતાની માતૃભુમી કચ્છ - સાંધવને પોતાની સેવાનોલાભ આપતા.

સદગત આત્માને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા તા. ૧૫-૧૨-૧૩ના હુબલી ના (એન. કે.) સભાગૃહમાં વિશેષ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવેલ.

***- સં: શ્રી શાંતિલાલ રામજી લાલકા - હુબલી***

શ્રધ્ધાંજલિ – પુષ્પાંજલિ – સ્મરણાંજલિ



જન્મ :
તા. ૧૫–૦૮–૧૯૪૨

અરિહંત શરણ :
તા. ૧૯–૧૨–૨૦૦૯

# સૌ. તારાબેન કુંવરજી દંડ

**ગામ : સેવક ભરૂડીયા, મુલુંડ**

વીત્યા વર્ષ ચાર, મઢાઈ ગઈ તમ સ્મૃતિ
ઉર-અંતરમાં સદાય પ્રાર્થીયે પ્રભુને જન્મોજન્મ,
દેજો તવ છાંય સદાય

આજે તમે નથી એ મન સ્વીકારતું નથી અમારા કાર્યપથ પર તમારો સાથ નથી છતાં તમારી યાદ તમે સાથે હોવાની અનુભૂતિ કરાવે છે. તમારા સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ સદા અમારા હ્રદયમાં રહેશે. તમારી ધર્મ પ્રત્યેની આસ્થા, કુંટુંબ વાત્સલ્ય અને કાર્ય કુશળતા આજે પણ અમારા સૌ માટે પ્રેરક સીમા ચિન્હ છે. પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એ જ અભ્યર્થના...

## આપની પ્રેમાળ સ્મૃતિમાં

| | |
|---|---|
| પતિ | : શ્રી કુંવરજી ખીમજી દંડ |
| સાસુ - સસરા | : સ્વ. દેવાબાઈ ખીમજી લધાભાઈ દંડ (સેવક-ભરૂડીયા) |
| માતા - પિતા | : સ્વ. ડેકાબાઈ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી) |
| પુત્ર-પુત્રવધુ | : અ. સૌ. કલ્પના મનોજ કુંવરજી દંડ |
| પુત્રી - જમાઈ | : અ. સૌ. મિતા હિતેશ હિંમતલાલ લોડાયા |
| | અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા |
| પૌત્રી | : ઉન્નતિ, સ્તુતિ, પલક |
| દોહિત્રી-દોહિત્રા | : સૃષ્ટિ, યતીશ, સંયમ |

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 Day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

શ્રી આદિનાથાય નમ

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ જિનાલયની



## નવમી - ધ્વજારોહણ પ્રસંગે ભાવભર્યું આમંત્રણ




રૂડા રળિયામણા સેવક-ભરૂડીયા નગરે શ્રી આદિનાથ દાદાના દરબારે શાસન પ્રભાવનાના અનેક સતકાર્યોના પ્રેરક બની કાયમી ધજા ચડાવતા દાતા માતુશ્રી નવલબેન મણીલાલ દંડ, નવમી ધ્વજારોહણ નવદિપક પરદોહિત્ર, તેમજ માતુશ્રી મુરબાઈ દામજી ધુલ્લાના પ્રપૌત્ર, પિતા નિખિલનો દુલારો, માતા પ્રિયંકાનો આંખનો તારો, લાડલા માસી - માસા ખુશબુ - ચિરાગનો ભાણેજ, દાદા વનરાજભાઈને દાદી ભાવનાબેનનો પૌત્ર નાના અશોકભાઈને નાની ઉર્મીલાબેનનો લાડકવાયો દોહીત્ર ચિ. પ્રિયાંકના હસ્તે શ્રી આદિનાથ દાદાની નવમી ધજા લહેરાવવામાં આવશે.

શ્રી આદિનાથ દાદાની અસીમ કૃપા તેમજ પ. પૂ. સાધ્વી શ્રી આર્યરક્ષિતાશ્રી પૂ. મ. સા. આદિ ઠાણા - ૪ની પાવન નિશ્રામાં સવંત ૨૦૭૦ ને મહા વદ ૧૪ શુક્રવાર તા. ૨૮-૨-૨૦૧૪ના શુભ દિને નવમી ધ્વજારોહણ પ્રસંગે સંઘના સર્વે ભાઈ - બહેનો, બિયાણી બહેન - દિકરી તથા આમંત્રિત મહેમાનોને શ્રી સંઘ વતી તથા કાયમી ધજાના દાતા - માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર તરફથી ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે. સંઘ તરફથી તા. ૨૭-૨-૨૦૧૪ના ચૌવિહારની વ્યવસ્થા તથા તા. ૨૮-૨-૨૦૧૪ના સવારે નવકારશી, બપોરની સાધર્મિક ભક્તિ તથા બહારગામથી આવેલ સભ્યોને ભાતાની વ્યવસ્થા કરવામાં આવી છે.

### તા. ૨૮-૨-૨૦૧૪નો કાર્યક્રમ

૧. અઢાર અભિષેક તથા સત્તરભેદી પૂજા સવારના ૭.૦૦ કલાકે
૨. ધ્વજારોહણ સવારના ૧૦.૦૦ કલાકે

ધ્વજારોહણનો સોનેરી અવસર છે, સેવક ભરૂડીયા ગામના આંગણ,
આપ સહુના આગમનથી શોભસે, શ્રી આદિનાથ જિનાલયનું પ્રાંગણ

શ્રી આદિનાથ દાદાની અમીદ્રષ્ટિ સૌ પર વરસી રહો. એવી શુભકામના સાથે,
શ્રી ક.દ.ઓ. સેવક - ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ તથા માતુશ્રી નવલબેન મણીલાલ દંડ સહ પરિવાર

પુત્ર - પુત્ર વધુ : અ. સૌ. હેમલતા મહેન્દ્ર દંડ, અ. સૌ. ઉર્મિલા અશોક દંડ,
અ. સૌ. સંગીતા રાજેશ દંડ
દિકરી - જમાઈ : સ્વ. મધુબેન રતિલાલ અનમ, અ.સૌ. સંગીતા કિશોર લાપશિયા

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**